ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા: ૦૩/૦૯/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

................................, ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
## જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ –૨૦૧૬ પુર્ણ.

આજના સમયમાં ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોને સમજવા માટેનો નવિનતમ પ્રયાસ નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ, મુંબઈ તથા નહેરુ સાયન્સ સેન્ટર, મુંબઈ પ્રેરીત નેશનલ સાયન્સ ડ્રામા–૨૦૧૬ કાર્યક્રમના ભાગરૂપે ગુજરાતમાં ધોરણ ૬ થી ૧૦ ના વિધાર્થીઓ માટે જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ નેશનલ સાયન્સ ડ્રામાનું આયોજન મુખ્ય વિષય : Science For Socity અને કુલ ૬ પેટા વિષયો પર થયેલ.

ભાવનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ –૨૦૧૬નું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ – શુક્રવારના રોજ સેન્ટ મેરી ઈંગલીશ સ્કુલ, શિવાજી સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર ખાતે સવારના ૮ : ૦૦ કલાક થી સાંજના ૫ : ૦૦ કલાક દરમ્યાન કરવામાં આવેલ.

આ જિલ્લામાં જિલ્લા કક્ષાના નેશનલ સાયન્સ ડ્રામા કાર્યક્રમના ઉદઘાટન સમારોહમાં નીર્ણાયક તરીકે ફરજ બજાવતા શ્રી વિરેનભાઈ પંડયા, શ્રી પ્રશાખાબેન શુકલા અને શ્રી સતીષભાઈ મકવાણા તેમજ ભાગ લેનાર વિદ્યાર્થીઓના હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ભાવનગર જીલ્લમાંથી કુલ **૨૪** શાળાઓની ટીમોના **૨૫૨** વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે સી. એમ. વિદ્યાલય, પાલીતાણા, દ્વિતીય ક્રમે એમ. એસ. લાખાણી કન્યા પ્રાથમીક શાળા, ભાવનગર, અને ત્રીજા ક્રમે ઘનશ્યામનગર પ્રાથમીક શાળા, તરસમીયાની ટીમ વિજેતા થયેલ.

જિલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ –૨૦૧૬ના સમાપન કાર્યક્રમમાં પધારેલ મહેમાન શ્રી મહેન્દ્રસીહજી પરમાર (સિન્ડીકેટ સભ્ય, પ્રોફેસર, ગુજરાતીભવન, એમ.કે.બી.યુનિ., ભાવનગર.) અને શ્રી દીપકભાઈ તેરૈય (ટ્રેનર, મોર્ટીવેટર)ના હસ્તે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રમાણ પત્રો આપી પ્રોત્સાહિત કરેલ. પ્રથમ ક્રમે વિજેતા થયેલ ટીમ સી. એમ. વિદ્યાલય, પાલીતાણા રાજય કક્ષાએ યોજાનાર નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ –૨૦૧૬ માં ભાવનગર જીલ્લાનું પ્રતિનીધિત્વ કરશે. જે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના સંચાલકશ્રીની યાદીમાં જણાવાયું છે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.